# બાયડમાં ફુડ પોઈઝનિંગથી ૨૫ બકરાનાં મોતથી હાહાકાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડના ભૂખેલ રોડ ઉપર રેલવે ક્રોસિંગ નજીક મકાઈ આરોગ્યા પછી ફુડ પોઈઝનિંગ થતાં ૨૫ બકરાંનાં મોતથી હાહાકાર મચ્યો છે. બાયડના દેવીપૂજક-કાંસકીયા પરિવારના બકરાંના મોતને લઈને માતમ જેવી સ્થિતિ સામે આવી છે. ઘટનાની જાણ થતાં પશુ ચિકિત્સકની ટીમ દોડી આવી હતી અને મકાઈમાં પેસ્ટીસાઈડ મિક્ષ હોવાથી ફુડ પોઈઝનિંગના કારણે મોત નિપજ્યાની આશંકા સેવી છે.

બાયડ તાલુકામાં અનેક માલધારીઓ ઘેટાં-બકરાં ઉપર પોતાનો જીવન નિર્વાહ કરી રહ્યા છે ત્યારે બાયડમાં



પણ હેર અને ભૂખેલ રોડ વિસ્તારમાં રહેતા કાંસકીયા પરિવાર દ્વારા બકરાં દ્વારા પોતાના ઘરનું પાલન કરી રહ્યા છે. પરંતુ ગુરૂવાર પરિવાર માટે અમંગળ બન્યો હોય તેમ બાબુભાઈ ગમાભાઈ દેવીપૂજક, અનિલભાઈ બાબુભાઈ દેવીપૂજક, બચુભાઈ લક્ષ્મણભાઈ કાંસકીયા, વાઘજીભાઈ બચુભાઈ કાંસકીયા, નારણભાઈ બાબુભાઈ કાંસકીયા વગેરેના બકરાંએ મકાઈ આરોગ્યા પછી એક પછી એક બકરાં તરફડવા લાગ્યા હતા અને જોત જોતામાં ૨૫ બકરાંનાં મોત નિપજતાં સ્વજન ગુમાવ્યા જેવું આક્રંદ કાંસકીયા પરિવારે કરી મૂક્યું હતું.

# ચૂંટણીના પરિણામો જાહેર, કોરોનાનો પ્રચાર શરૂ

## સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોના વિસ્ફોટ, આરોગ્ય તંત્ર સાચા આંકડા જાહેર કરવા અસમર્થ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ચૂંટણી દરમ્યાન સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાયું હતું જેથી કોરોનાનું સંક્રમણ વધવાની દહેશત વ્યક્ત થઈ હતી. ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા અને હવે કોરોનાનો પ્રચાર શરૂ થયો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં રીતસરનો કોરોના વિસ્ફોટ હોવાની વિગતો ગામેગામથી બહાર આવી રહી છે. એક અંદાજ અનુસાર પાછલા એક સપ્તાહમાં જ ૨૦૦ થી વધુ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. સરકારી હોસ્પિટલોમાં કરવામાં આવતાં રેપિડ ટેસ્ટ પૈકી ૮૦ ટકા પોઝિટિવ હોય છે. જ્યારે સરકારી દફતરે અત્યાર સુધીમાં માત્ર ૨૦ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગે હવે ખાનગી હોસ્પિટલ પાસેથી શંકાસ્પદ અને કોરોના પોઝિટિવ કેસની વિગતો મેળવી યોગ્ય રીતે દર્દીઓને ક્વોરન્ટાઈન નહીં થાય તો સ્થિતિ વધુ વિકટ બનવાની દહેશત છે.

**પાછલા એક સપ્તાહમાં જ ૨૦૦ થી વધુ પોઝિટિવ કેસ, સરકારી દફતરે માત્ર ૨૦ કેસની નોંધ**

કોરોનાએ ધંધા-રોજગાર સાથે પ્રજાના જનજીવનને વ્યાપક અસર કરી હતી. દિપાવલી પર્વ પછી કોરોનાનો વિસ્ફોટ થયો અને ત્યારબાદ ક્રમશઃ કોરોનાનું સંક્રમણ ઘટ્યું. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ એ સાથે જ મેળાવડાઓની છૂટ આપવામાં આવી. મોટાભાગના રાજકીય સમારંભો અને ચૂંટણી પ્રચારની રેલીમાં સોશ્યલ ડિસ્ટન્સ સંપૂર્ણ ભૂલાયું અનેક કાર્યકરોએ કોરોનાની વિદાય થઈ હોય તેમ માસ્ક પહેરવાનું પણ ભૂલ્યા હતા જેના કારણે પાછલા એક સપ્તાહમાં બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, ભિલોડા, વિજયનગર, પોશીના, વડાલી, ખેડબ્રહ્મા, ઈડર, હિંમતનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં કોરોનાના કેસમાં એકાએક ઉછાળો આવી ગયો છે.

**સ્થિતિ વધુ બેકાબુ બને તો ચોક્કસ વિસ્તારો કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર થઈ શકે છે**

જિલ્લામાં જે રીતે કોરોના વિસ્ફોટની સ્થિતિ સામે આવી છે તે જોતાં આરોગ્ય વિભાગે હવે ઘેર..ઘેર સર્વે હાથ ધરી શંકાસ્પદ અને પોઝિટિવ કેસ શોધવા માટે એક્શનમાં આવવું પડશે. કારણ કે ખાનગી હોસ્પિટલમાં જે રીતે કોરોનાના કેસમાં ઉછાળો જોવા મળ્યો છે તે ચિંતાજનક છે.



સાબરકાંઠા જિલ્લા પંચાયતની પુંસરી બેઠક પર ભાજપના ઉમેદવાર શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલનો ૩૬૦૦થી વધુ મતે વિજય થતાં ગામે ગામ વિજયોત્સવ મનાવાયો હતો. મત વિસ્તારના ૩૨ ગામોમાં છેલ્લા ત્રણ દિવસથી વિજય સરઘસ યોજાઈ રહ્યા છે. ગામે ગામથી ઉમળકાભેર અભિવાદન કરાય છે અને શુભેચ્છા પાઠવે છે. ભારતીબેને વિસ્તારના વિકાસ માટેની ખાતરી આપી છે.

## કોરોના વિલન બનવાની દહેશત

# જિલ્લામાં શિવરાત્રિ પર્વ ઉજવવા શિવ મંદિરો સજ્જ ભક્તો માટે ભાંગ પ્રસાદીનું આગોતરૂ આયોજન

**ભોળાનાથના ભક્તોમાં અનેરો ઉત્સાહ**
**શિવરાત્રિએ ચાર પ્રહરની પૂજાના આયોજન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મહાશિવરાત્રિનું પર્વ નજીક આવતાં ભગવાન ભગવાન શિવ રાત્રિના પ્રહરમાં વિશ્રામ કરે છે તે પ્રહરને એટલે કે શિવજીના વિશ્રામકાળને મહાશિવરાત્રિ કહેવામાં આવે છે. તા.૧૧ માર્ચે શિવરાત્રિનું પાવન પર્વ હોવાથી તેની ઉજવણી માટે જિલ્લાના તમામ શિવમંદિરોમાં અગાઉથી જ તૈયારીઓ જોવા મળે છે. શિવરાત્રિના મહાપર્વને ધ્યાનમાં રાખી મંદિરોમાં શિવજીની ચાર પ્રહરની મહાપૂજાના આયોજન થયા છે. શિવરાત્રિના દિવસે ભાંગની પ્રસાદીનું આગવું મહત્વ હોવાથી તેની પણ તૈયારી કરી દેવાઈ છે. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વની આસ્થાપૂર્વક ઉજવણી માટે શિવાલયોને રંગરોગાન કરવાની સાથે શિવરાત્રિના દિવસે ફુલ સહિત રોશનીથી શણગારવામાં આવશે. બાયડના સોલંકી કાળના વૈજનાથ મહાદેવ, ઋણમુક્તેશ્વર મહાદેવ, સોમનાથ મહાદેવ, ભુવનેશ્વર મહાદેવ, વાત્રકના ધારેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર



ભોળાનાથના ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળવાની સાથે પર્વની ઉજવણી માટે શિવાલયો સજ્જ થઈ રહ્યા છે. મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે શિવજીની ચાર પ્રહરની પૂજાનાં આયોજન થતાં તા.૧૧ માર્ચના રોજ સમગ્ર જિલ્લો બમબમ ભોલેના નાદથી ગુંજી ઉઠશે જો કે જિલ્લામાં કોરોના વિસ્ફોટ થતાં શિવમંદિરોમાં શિવરાત્રિ પર્વની ભવ્ય ઉજવણી માટે તંત્ર પરવાનગી આપશે ખરૂં..?? તેને લઈને અવઢવ છે.

મહાદેવ, મોડાસાના ગેબીનાથ મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાર મહાદેવ, ભિલોડાના ભવનાથ મહાદેવ, શામપુરના કુઢેરા મહાદેવ, ઉજેળીયાના વૈજનાથ મહાદેવ, અણિયોડના શ્રી મુંજેશ્વર મહાદેવ, તલોદના એકલીંગજી મહાદેવ સહિતના શિવ મંદિરોમાં શિવરાત્રિ નિમિત્તે શિવજીની પૂંજા અર્ચના સાથે ભોળાનાથના ભક્તો માટે ફળાહાર તેમજ ભાંગ પ્રસાદીનું આયોજન કરાયાનું જાણવા મળ્યું છે.

# પ્રમુખની સીટ જાહેર : બાયડ પાલિકામાં બક્ષીપંચ સામાન્ય, મોડાસામાં સામાન્ય સ્ત્રી

## બંન્ને પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો, કોણ પ્રમુખ બનશે..?? તેની અટકળો તેજ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ અને મોડાસા નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો છે. બંન્ને પાલિકામાં પ્રમુખની સીટ જાહેર કરવામાં આવી છે. બાયડ પાલિકામાં બક્ષીપંચ સામાન્ય અને મોડાસામાં સામાન્ય સ્ત્રી બેઠક આવતાં પ્રમુખ પદે કોણ બિરાજમાન થશે તેને લઈને અટકળો તેજ બની ગઈ છે. ભાજપ દ્વારા બંન્ને નગરપાલિકાઓમાં ઉત્તમ શાસન થાય તેવા પ્રયાસોને ધ્યાને રાખીને પ્રમુખ-ઉપપ્રમુખ પદના ઉમેદવારો પસંદ કરવામાં આવશે. ભાજપમાં મેન્ડેટના આધારે પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ થતી હોય છે.

સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ પૂર્ણ થયા પછી અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને બંન્ને નગરપાલિકાઓમાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળતાં કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે. વિધાનસભાના નબળા પરિણામ પછી ભાજપે વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા પહેલાંની સેમી ફાઈનલનો જંગ જીતી લેતાં ભાજપના કાર્યકરોથી માંડી સંગઠન હોદ્દેદારોમાં ખુશાલી છવાઈ છે. સ્થાનિક સ્વરાજ્યના જંગમાં ભારે બહુમતી પછી ભાજપ માટે પ્રમુખ-ઉપપ્રમુખ પદના ઉમેદવારો પસંદ કરવા આસાન બનશે આ સંજોગોમાં મોડાસા નગરપાલિકામાં પ્રમુખ પદની સીટ સામાન્ય સ્ત્રી આવતાં ભાજપ કોના ઉપર પસંદગી ઉતારે છે તેના ઉપર સૌની મીટ મંડાયેલી છે. જ્યારે બાયડ પાલિકામાં પ્રમુખ માટે બક્ષીપંચ સામાન્ય સીટ જાહેર થતાં બાયડ પાલિકામાં પ્રમુખ પદે પ્રદેશ સંગઠન કોને મેદાનમાં ઉતારશે તેની અટકળો તેજ થઈ છે. બાયડ પાલિકામાં પ્રમુખ પદની રેસમાં સ્નેહલભાઈ પટેલ સૌથી આગળ છે. જ્યારે મોડાસા નગરપાલિકામાં જલ્પાબેન મેહુલભાઈ ભાવસાર પ્રમુખ પદના પ્રબળ દાવેદાર ગણાય છે.

**બાયડ પાલિકામાં સંભવિત..**
સ્નેહલભાઈ જે. પટેલ
પૂર્વ ઉપપ્રમુખ
અશોકભાઈ એલ. પટેલ
ભરતભાઈ એસ. પટેલ
અરવિંદભાઈ પ્રજાપતિ
પૂર્વ પ્રમુખ
અરવિંદભાઈ જે. પટેલ
હર્ષદભાઈ પટેલ (મુખી)

**મોડાસા પાલિકામાં સંભવિત..**
જલ્પાબેન મેહુલભાઈ ભાવસાર
ભગવતીબેન સમર્થકુમાર પટેલ
મેઘાબેન દેવલભાઈ ત્રિવેદી

# બાયડ પાલિકા વોર્ડ નં.પમાં હેમંત પટેલ ચૂંટણી હાર્યો પરંતુ દિલ જીત્યો

## માત્ર ૬ મતથી પરાજય, બાયડ ગામમાં ભાજપ તરફી માહોલ બનાવવામાં સિંહ ફાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ પાલિકાના ઐતિહાસિક ચૂંટણી જંગનું પરિણામ આવ્યું છે. મતદારોએ ભાજપના હાથમાં શાસનની ધુરા સોંપી છે ત્યારે બાયડ પાલિકા વોર્ડ નં. પમાં ભાજપના ઉમેદવાર હેમંત (કકો) જશુભાઈ પટેલ માત્ર ૬ મતથી હાર્યો પરંતુ પ્રજાના દિલ જીતવામાં અગ્રેસર રહ્યો છે. બાયડ ગામમાં ભાજપ તરફી માહોલ બનાવવામાં ઉમેદવાર હેમંત પટેલ સહિત વોર્ડના ભાજપના ઉમેદવારો અને જલદીપ પટેલનો સિંહ ફાળો રહ્યો છે. બાયડના યુવા કાર્યકરો અને ભાજપ સંગઠને હેમંત પટેલ હાર્યો હોવા છતાં ભવ્ય જીત મેળવી હોય તે રીતે દબદબાભેર બાયડ ગામમાં તેને સાથે રાખીને વિજય સરઘસ રેલી નિકાળતાં અનેક લોકો ફુલ વર્ષા કરી હતી.



માત્ર ટેકનિકલી જીતવાનો કોઈ મતલબ નથી. હાર્યા પછી પણ પ્રજાના માનસપટ ઉપર જીત્યા છે તેવી તાસિર ટૂંક સમયમાં ઉભી કરવી તે મોટી મહાનતા છે. બાયડ નગરપાલિકા વોર્ડ નં.૫ માં કોંગ્રેસનો ગઢ ગણાતો હતો. તમામ બેઠકો જીતવાના દાવા કરનારા ખુદ હારી જાય તેવી સ્થિતિ સામે આવી. ભારે રસાકસી પછી વોર્ડ નં.૫ માં ભાજપ અને કોંગ્રેસને ૨-૨ બેઠક મળી. વોર્ડ નં.૫ માં ભાજપના ઉમેદવાર અરવિંદભાઈ જેઠાભાઈ પટેલે અકલ્પનિય વિજય મેળવી કોંગ્રેસને ઉંઘતી ઝડપી લીધી છે. જ્યારે હેમંત પટેલ પણ વિજયી બનશે તેવી સંભાવના હતી.

પરંતુ છેલ્લે સુધી ફાઈટ આપ્યા પછી માત્ર ૬ મતથી પરાજય થયો. બાયડ પાલિકામાં ભાજપનું શાસન આવ્યું તેની ખુશાલી હતી પરંતુ હેમંત પટેલ ચૂંટણી હારતાં બાયડ ગામના અનેક લોકોની આંખમાં આંસુ જોવા મળ્યા. આવા દ્રશ્યો જોઈ જરૂર કહેવાનું મન થાય કે હેમંત પટેલ માત્ર ચૂંટણી હાર્યો છે પરંતુ તમામનાં દિલ જીતવામાં સફળ રહ્યો છે.

# ચકદે સાબરકાંઠા : હિંમતનગરનો સાયકલીસ્ટ નિલ પટેલ પેરીસમાં યોજાનારી ૧૨૦૦ કી.મી.ની સ્પર્ધામાં ભાગ લેશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઈતિહાસ રચવા માટે સ્વપ્ન જોવા કરતાં તેને સાકાર કરવાની વધુ જરૂર હોય છે. હિંમતનગરના કાટવાડનો નિલ અરવિંદભાઈ પટેલે ૬૦૦ કી.મી.ની સાયકલીંગ સ્પર્ધા માત્ર ૩૯ કલાકમાં પૂર્ણ કર્યા પછી હવે પેરીસમાં યોજાનારી ૧૨૦૦ કી.મી.ની સ્પર્ધામાં ભાગ લઈ સાબરકાંઠા જિલ્લાને સમગ્ર વિશ્વમાં ગૌરવવંતુ બનાવશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વ્યવસાયે સિવિલ ઈજનેર નિલ



પટેલની દ્રઢ સંકલ્પ શક્તિનો સમયાંતરે સૌને પરચો મળ્યો છે. સાયકલીંગ ક્ષેત્રે સુપર રેડોનિયરનું ટાઈટલ મેળવી અનોખી સિદ્ધિ હાંસલ કરી અને તેને સૌને આકર્ષિત કર્યા ત્યારબાદ ૨૦૦, ૩૦૦, ૪૦૦ અને ૬૦૦ કી.મી.ની સ્પર્ધા સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી તાજેતરમાં હિંમતનગરના ટુ ગેધર ક્લબ ઓડેક્સ ઈન્ડીયાના નેજા હેઠળ યોજાયેલી ૬૦૦ કી.મી.ની કઠીન સ્પર્ધા માત્ર ૩૯ કલાકમાં પૂર્ણ કરી સુપર રેડોનિયરનું ટાઈટલ મેળવ્યું છે. તેના મિત્રો જણાવે છે કે તે દરરોજ ૩ કલાક ટ્રેનિંગમાં ૫૦ કી.મી.ની રાઈડ કરતો હતો. બારેમાસ સાયકલીસ્ટ રોજ સવારે ૫-૦૦ કલાકે સાયકલીંગ કરવા જતો હતો. હવે તેની નજર પેરીસ ખાતે યોજાનારી સ્પર્ધા ઉપર ટેકવાઈ છે.

# કોંગ્રેસે મતદારોનો મિજાજ પારખવામાં થાપ ખાધી

## રડોદરા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય : ભવ્ય વિજય સરઘસ યોજાયું, સમગ્ર વિસ્તારના વિકાસ માટે ૫ વર્ષ ધ્યાન આપીશું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

બાયડ તાલુકાની રડોદરા જિલ્લા પંચાયત અને રડોદરા તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રવિકુમાર વલ્લવદાસ પટેલ અને શિલ્પાબેન કમલેશકુમાર પટેલનો ભવ્ય વિજય થતાં બાયડ થી રડોદરા સુધી નિકળેલા વિજય સરઘસમાં મોટી સંખ્યામાં ભાજપ કાર્યકરો અને સમર્થકો જોડાયા હતા. બાયડ તાલુકામાં જે રીતે ભાજપનું બુલ્ડોઝર ફરી વળ્યું છે તે જોતાં કોંગ્રેસ મતદારોનો મિજાજ પારખવામાં થાપ ખાધાનું ચિત્ર ઉપસ્યું છે.

મુખ્ય રાજકીય પક્ષોની મતદારો જ્યારે ફીરકી લે છે ત્યારે જોવા જેવી થતી હોય છે. મતદારોનો વિશ્વાસ જીતવો બહુ અઘરો છે. ચૂંટાયા પછી પોતાના વિસ્તાર ઉપર ધ્યાન નહીં રાખનારા ભાજપ કે કોંગ્રેસના અનેક ઉમેદવારોને મતદારોએ લીલા તોરણે ઘરે બેસાડ્યા છે.



બાયડ તાલુકાની જિલ્લા પંચાયત અને ૨૪ તાલુકા પંચાયતની બેઠક માટે ગત તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન યોજવામાં આવ્યું હતું. જેમાં રડોદરા સીટમાં સમગ્ર જિલ્લાનું સર્વાધિક મતદાન થતાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો અવઢવમાં મૂકાયા હતા પરંતુ પરિણામ જાહેર થયું ત્યારે રડોદરા જિલ્લા પંચાયત બેઠક ઉપર ભાજપના યુવા અગ્રણી રવિ વલ્લવદાસ પટેલ ૨૫૯૦ મતની જંગી સરસાઈથી વિજેતા બન્યા હતા. જ્યારે રડોદરા તાલુકા પંચાયત બેઠક ઉપર ભાજપના શિલ્પાબેન કમલેશકુમાર પટેલ ૫૫૦ મતની લીડ સાથે વિજયી બની અરવલ્લી જિલ્લા પંચાયત અને બાયડ તાલુકા પંચાયતમાં પ્રતિનિધિત્વ કરવાની તક મેળવી છે.